

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીયમંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાની ખાસ ઉપસ્થિતીમાં "અમૃતકાલ બજેટ–૨૦૨૩" અંગે પરિસંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ... જેમાં બહોળી સંખ્યામાં વેપાર–ઉદ્યોગકારો ઉપસ્થિત રહેલ...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીયમંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાની ખાસ ઉપસ્થિતીમાં "અમૃતકાલ બજેટ–૨૦૨૩" અંગે પરિસંવાદ કાર્યક્રમનું તા.૧૨–૨–૨૦૨૩, રવિવારના રોજ સયાજી હોટલ, કાલવાડ રોડ રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં વેપાર–ઉદ્યોગકારો અને વિવિધ એસોસીએશનના હોદ્દેદારો ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં શોભામાં અભિવૃધ્ધિ વધારાવા માનનીય સંસદસભ્યશ્રી મોહનભાઈ કુંડારીયા, શ્રી રામભાઈ મોકરીયા, મેયરશ્રીડો. પ્રદિપભાઈ ડવ, ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, શ્રી ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ તથા ગૌસેવા આયોગના પુર્વ ચેરમેનશ્રી વલ્લભભાઈ કથીરીયા ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમની શરૂઆતમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદ્દેદારો તથા અન્ય સહયોગી સંસ્થાના પ્રમુખો દ્વારા કેન્દ્રીયમંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાનું બુકે તથા મોમોન્ટો અર્પી સન્માન કરવામાં આવેલ.

રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સ્વાગત પ્રવચન આપતા જણાવતા કે હાલમાં જ કેન્દ્રીયમંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજીએ અમૃતકાલનું પ્રથમ અને પાંચમુ બજેટ રજુ કરેલ. આજરોજ કેન્દ્રના આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાનું બજેટ અંગે પરિસંવાદ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેવા બદલ આભાર સહ તથા આનંદની લાગણી વ્યકત કરેલ. તેમજ અમૃતકાલનું આ પ્રથમ બજેટ દેશના અર્થતંત્રને ૧૦૦% આગળ ધપાવશે તેમજ આ બજેટથી નાના થી માંડી મોટા તમામ વર્ગને ફાયદો થશે. સાથો

સાથ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિઝનને સાર્થક કરવા માટે ઉદ્યોગ જગતનો વિકાસ કરવો પડશે તેવું આહવાન કરેલ. ભારત દેશને જી૨૦ની અધ્યક્ષતા પ્રાપ્ત થયેલ છે ત્યારે આપણા માટે ગૌરવની વાત કહેવાય અને આવનારા સમયમાં ભારત દેશ વિશ્વની મહાસતા પ્રાપ્ત કરે તે માટે કદમ સે કદમ મિલાવી સૌ પ્રયાસ કરીશું. તેમજ કોરોનાની કપરી પરિસ્થિતીમાં દેશની જનતાને મહામારીમાંથી ઉજાગર કરવા અને સુરક્ષીત–સલામત રહે તે માટે આત્મનિર્ભર બની કોરોનાની વેકશીન ભારતમાં જ બનાવી દેશની ૧૩૦ કરોડની જનતાને વેકશીનના ડોઝ આપી વિશ્વમાં પોતાની આગવી છાપ ઉભી કરી છે અને ૧૫૦ થી વધારે અન્ય દેશોને પણ આપણી વેકશીન આપી મદદરૂપ બનેલ છે.

વધુમાં પ્રમુખશ્રી વી.પી.વૈશ્ણવએ જણાવ્યું કે આજ રોજ સરકાર આપણે આંગણે હોય અને કેન્દ્રના આરોગ્ય મંત્રીશ્રી ઉપસ્થિત રહયા હોય ત્યારે મહાજન તરીકે આપણી વેપાર–ઉદ્યોગકારોની માંગણી મુકવી જ પડે ત્યારે રાજકોટ ચેમ્બરની વર્ષોની માંગણી પેન્ડીંગ હોય ESIC પાસે જગ્યા ઉપલબ્ધ છે તો ESIC ની કોર્પોરેટ સબ રીજીઓનલ ઓફિસ તાત્કાલીક શરૂ કરવી જેથી રાજકોટ–સૌરાષ્ટ્રના કામદારોને અમદાવાદ સુધી ધકકા ન ખાવા પડે અને નાણાં તથા સમયનો વ્યય ન થાય. સાથો સાથ ESIC ની હાલની હોસ્પિટલ મૃતપાય હાલત તેમજ અસુવિધાયુકત અને માત્ર ૫૦ બેડની જ હોય રાજકોટ ખાતે ૨૦૦ બેડ સાથેની તમામ સુવિધાયુકત મોડર્ન હોસ્પિટલ તાત્કાલીક બનાવવા માંગણી મુકવામાં આવેલ.

કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત કેન્દ્રીયમંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાએ સૌરાષ્ટ્રની રાજધાની રાજકોટમાં આજે બજેટ અંગે પરિસંવાદનું આયોજન કરવા બદલ આભાર તથા બહોળી સંખ્યામાં વેપાર–ઉદ્યોગકારો ઉપસ્થિત રહયા તે બદલ આનંદની લાગણી વ્યકત કરતા જણાવેલ કે જયારે GST કાયદાનું અમલીકરણની તૈયારી થઈ રહી હતી ત્યારે રાજકોટ ખાતે ૩ દિવસ રોકાઈ વેપાર–ઉદ્યોગના વિવિધ એસોસીએશનો સાથે મિટીંગો કરી તેઓના સુચનો જાણી કેન્દ્ર સરકાર સમક્ષ રજુ કરી નિરાકરણ લાવવા પ્રયાસ કરેલ. તેમજ ૨૦૧૪ થી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દેશની કમાન સંભાળી ત્યારથી આજ સુધીમાં દેશની તસ્વીર બદલી નાખી છે અને આજે વિશ્વ આખું ભારત દેશની પ્રસંશા કરી રહયું છે અને વિશ્વમાં આજે અર્થતંત્રમાં ૫ માં સ્થાને પહોંચી ગયું છે. ભારત દેશ ૭૫ મું આઝાદી કા અમૃત મહત્સવ ઉજવી રહયું હોય ત્યારે લાંબા ગાળાના વિકાસને ધ્યાનમાં રાખી અમૃતકાલનું આ બજેટ રજુ કરવામાં આવ્યું છે અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરશે. તેમજ દેશને એક ડેવલોપમેન્ટ કન્ટ્રી બનાવશે. દેશના વિકાસને આગળ ધપાવવા માટે ઈન્ફ્રાસ્ટ્રકચરને વધુ મજબુત બનાવવા પ્રાધાન્ય આપેલ છે. સ્વચ્છ, સમૃધ્ધ રાષ્ટ્ર માટે આરોગ્યક્ષેત્રે દેશ સક્ષમ બની ગયું છે. બજેટ અંગે વધુ માહિત આપતા આ બજેટમાં નાગરીકો ખાસ કરીને યુવાનોની આકાંક્ષાઓ પરીપુર્ણ કરવા માટે પુરતી તકો અપાયેલ છે. વૃધ્ધિ અને રોજગાર સર્જન માટે પ્રોત્સાહન મળશે. મજબુત અને સ્થિર અર્થતંત્ર બનશે. આત્મનિર્ભર ભારતને વધુ આગળ ધપાવવા "વન ડિસ્ટ્રીક વન પ્રોડકટ" અંગે MSME ને પ્રોત્સાહન મળશે. તેમજ આ બજેટમાં ૭ પ્રાથમીકતાઓ પર વધુ ધ્યાન કેન્દ્રીત કરાયેલ છે જેમાં સમાવેશી વિકાસ, છેવાડા સુધીની પહોંચ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને રોકાણ, ક્ષમતાનો સંપુર્ણ ઉપયોગ, ગ્રીન ગ્રોથ, યુવા શકિત અને નાણાંકીય ક્ષેત્ર. તેમજ મધ્યવર્ગને સક્ષમમ બનાવવા માટે ૭ લાખ સુધી ઈન્કમટેક્ષમાં રાહત આપવામાં આવી છે. બજેટ અંગેની વિવિધ યોજનાઓ જેવી કે કૃષિ અને સહકારી, શિક્ષણ અને કૌશલ્ય, નાણાંકીય વ્યવસ્થાન, કર દરખાસ્તો, ઉદ્યોગ માટે કર લાભોનું સરળીકરણ, ચોકકસ મંત્રાલયો માટે ફાળવણી, ફાર્માસ્યુટીકલ ઉદ્યોગનો વિકાસ, જલ જીવન મિશન, એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ્સ, પ્રધાનમંત્રી આવાસ યોજના, EVs ઝડપી ઉત્પાદન અને વેચાણ માટેની યોજના (FAME), નોર્થ ઈસ્ટ સ્પેશિયલ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ સ્કીમ વિગેરે બાબતો પર વિસ્તૃત છણાવટ કરેલ.

વધુમાં કેન્દ્રીયમંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાએ રાજકોટ ચેમ્બર દ્વારા ESIC ની સબ રીજીઓનલ ઓફિસ તથા ૨૦૦ બેડની મોડર્ન હોસ્પિટલ બનાવવા રજુઆત કરેલ તેને ખાસ લક્ષમાં લઈ આ અંગે તાત્કાલીક યોગ્ય કરવા ખાત્રી આપી હકારાત્મક અભિગમ દાખવેલ છે તેમજ એક કદમ વધારે આગળ વધારી આત્મનિર્ભર ભારત યોજના અંતર્ગત ESIC ની જગ્યામાં રાજકોટ ખાતે મેડિકલ કોલેજ ફાળવવા અંગે ઘટતું કરવામાં આવશે. આમ રાજકોટ ચેમ્બરની વર્ષો જુની માંગણીનો સ્વીકાર થતા સમગ્ર લોકોમાં હર્ષની લાગણી છવાયેલ છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત વેપાર–ઉદ્યોગકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે કેન્દ્રીયમંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાએ સંતોષકારક પ્રત્યુતર આપેલ. ત્યાર બાદ આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો તથા વેપાર–ઉદ્યોગકારોનો માનનીય ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાએ આભારની લાગણી વ્યકત કરેલ. તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, રાજકોટ એન્જીનિયરીંગ એસોસીએશન, શાપર–વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, હડમતાળા ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, લોઠડા–પિપલાણા ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, લોધીકા જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, આજી જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, સૌરાષ્ટ્ર–કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, રાજકોટ બિલ્ડર્સ એસોસીએશન, લધુ ઉદ્યોગ ભારતી, રાજકોટ બ્રાન્ચ ઓફ WIRC OF ICAI, રાજકોટ ટેક્ષ કન્સલટન્ટ સોસાયટીએ જહેમત ઉઠાવેલ હતી. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.